જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૬/૨૦૧૮ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-**  **સમાચાર યાદી નં.૧૦૫૬/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૨૯ લીટર દેશી દારૂ, ૭૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦૨ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ 3 કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૫,૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-**  **સમાચાર યાદી નં.૧૦૫૭/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-**  **સમાચાર યાદી નં.૧૦૫૮/૧૮**

**નરોડાઃ** ક્રિષ્ણાકાંત શ્રીબલવિર શર્મા (ઉ.વ.૫૦) (રહે. કોરલ બંગ્લોઝ નાના ચિલોડ નરોડા) એ તા.૪/૬/૧૮ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૮/૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નરોડા જી.આઇ.ડી.સી એંકોર નેચુરલ પોલિમર્સ પ્રા.લિ. ખાતે ક્રિષ્ણાકાંત શર્માના પુત્રને અમેરીકા (સિકાગો) ખાતે જવાનુ હોય સુલેખા નામની વેબ સાઇટ પર ટીકીટ માટે ચેટ કરેલ અને મોબાઇલ નંબર આપતા આરોપી રોહિત કોશોરભાઇ માહા (રહે. તુલિપ-૧ ફ્લેટ વૈષ્ણોદેવી સર્કલ પાસે) એ ફોન કરી ઓન લાઈન ટીકીટ કરી આપવાનુ જણાવી રોકડ રૂપિયા ૫૬,૧૫૦/- મેળવી લઈ ટીકીટ નહી કરી આપી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.બી.વાઘેલા ચલાવે છે.

**મણીનગરઃ** રમીલાબહેન વા/ઓ કાંતીભાઇ પરમાર (ઉવ.૫૦) (રહે. આશીર્વાદ ડ્રીમ્સ વસ્ત્રાલ) એ તા.૪/૬/૧૮ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૫/૧૮ થી તા.૪/૬/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નીશીથભાઇ જીવનલાલ સરવૈયા (ઉ.વ.૭૦) (રહે. સમીયત ફ્લેટ ગીતાબાગ સોસાયટી પાલડી) એ રમીલાબહેનને મણીનગર એલ.જી. કોર્નર શુકુન પ્લાઝા ખાતે મકાન બતાવી, તે મકાનના ટોકન પેટે રૂપિયા ૧,૦૦,૦૦૦/- મેળવી લઈ પરત નહી આપી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આઇ.રબારી ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૧૦૫૯/૧૮**

**મણીનગરઃ** અનીતાબહેન વા/ઓ સબીલદાસ ઠક્કર (રહે. પાર્થ એપાર્ટમેન્ટ આભા લેબની ઉપર વલ્લભવાડી મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૬/૧૮ રાતના ૯/૦૦ થી તા.૪/૬/૧૮ સવારના ૭/૪૫ વાગ્યા દરમ્યાન માતૃકૃપા બંગલોઝ જલારામ પ્લાઝા સામે જવાહર ચોક ખાતે અનીતાબહેનના કાકાના મકાનમાંથી ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૯૧,૪૫૦/- તેમજ કંમ્પાઉન્ડમાથી કાર અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૦/૧૮**

**શાહપુરઃ** વસીમ સમતભાઇ ઇમાની (રહે. પેરેડાઇઝ કોમ્પલેક્ષ મિરઝાપુર શાહપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૬/૧૮ કલાક ૬/૩૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી લેપટોપ નંગ-૨, મોબાઈલ ફોન નંગ-૪,રોકડ રૂપિયા ૪૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.